


# મેઘરજ તાલુકામાં અત્યારથી જ તળાવો સુકાભઠ

મેઘરજ તાલુકામાં ચાલુ વર્ષે ચોમાસાનો વરસાદ પચ્ચીસ ઈંચ જેટલો ત્રણ તબક્કા વાર પડ્યો હતો જેમાં ચોમાસા દરમ્યાન તાલુકાની જીવાદોરી સમાન વાત્રક નદીમાં માત્ર એકવાર પાણી આવ્યુ હતુ જે આ વાત્રક નદીનુ પાણી ભર શિયાળે મટી જાય તેમ છે. મેઘરજ તાલુકાનો ઉપરવાસનો વૈડી ડેમ પણ ચાલુ વર્ષે પુરે પુરો ભરાયો નહતો તાલુકાના તમામ ચેક-ડેમો તેમજ તળાવો માં નહિવત પાણી છે. તે પણ ભર શિયાળે પુરૂ થઈ જાય તેમ છે. મેઘરજ તાલુકામાં તળાવો અને ચેક-ડેમોમાં પાણી મટી જાય એટલે બોર અને કુવા અને હેંડપંપ પણ પાણી સુકાઈ જતા હોય છે જેથી ચાલુ વર્ષે તાલુકામાં ભર શિયાળે પાણીની સમશ્યા સર્જાય તેવી સ્થીતી દેખાઈ રહી છે. જો શિયાળામાં નદી તળાવો અને ચેક-ડેમોમાં પાણી મટી જાય તો તાલુકામાં પશુઓ માટે ઘાસચારાની પણ મોટી સમસ્યા સર્જાય શકે તેમ છે. જેથી તાલુકાની પ્રજાની માંગ ઉઠી છે કે મેઘરજ તાલુકાની જીવાદોરી સમાન વાત્રક નદીમાં નર્મદા અથવા તો કડાણાનુ પાણી નાખવામાં આવે જેથી તાલુકામાં પાણીની સમસ્યા ટળી શકે તેમ છે.

# ડીસા સિવિલના સેવાભાવી તબીબ ડો. ખાનની બદલીનો આદેશ રદ

ડીસા, તા. ૮

બનાસકાંઠાના મુખ્ય વેપારી મથક ડીસા ખાતે કાર્યરત સરકારી સિવિલ હોસ્પીટલમાં લાંબા સમયથી પ્રસંસનીય સેવા આપતાં સેવાભાવી તબીબ ડો. એમ.એચ. ખાનની તાજેતરમાં જ અચાનક ઝેરડા ખાતે બદલી કરી દેવાતાં ડીસાના નગરજનો અને સિવિલ હોસ્પીટલમાં સારવાર લેવા આવતા દર્દીઓમાં ભારે રોષ ઉઠ્યો હતો. ડો. ખાનની બદલીના વિરોધમાં સિવિલના દર્દીઓ આંદોલન પર ઉતરી આવ્યા હતા અને એક દર્દીએ આત્મવિલોપન કરવાની ચીમકી પણ આપી દીધી હતી. આરોગ્ય વિભાગે ડીસા ખાતેની સિવિલ હોસ્પીટલમાંથી ડો. એમ.એચ. ખાનને ઝેરડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં જયારે ઝેરડાથી ડો. ગોસ્વામીને ડીસાની સિવિલમાં મૂક્યા હતા. જોકે ડો. એમ.એચ. ખાનની બદલીનો આકરો વિરોધ થયો હતો ત્યારે આ નિર્ણયને પગલે જનતામાં ઉઠેલા રોષને પગલે ગુજરાત વેર હાઉસિંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળી અને



ડીસાના ધારાસભ્ય શશિકાંતભાઈ પંડયાએ ગુજરાત સરકારના આરોગ્ય વિભાગમાં રજૂઆત કરતાં આરોગ્ય વિભાગે છેવટે બંને તબીબોની અરસપરસ બદલીના આદેશો રદ કરી દઈ ડો. એમ.એચ. ખાનને ફરી ડીસાની સરકારી હોસ્પીટલમાં ફરજ પર મૂકવાનો નિર્ણય લીધો છે. ડો. એમ.એચ. ખાનની ફરી ડીસાની સિવિલ હોસ્પિટલમાં બદલી કરાતાં ડીસાના નગરજનો ઉપરાંત સિવિલ હોસ્પીટલમાં સારવાર લેવા આવતા દર્દીઓમાં પણ ખુશીની લાગણી ફેલાઈ છે અને આ તબીબની બદલીનો આદેશ પરત ખેંચવાના નિર્ણયને પણ વ્યાપક આવકાર સાંપડ્યો છે.

# મોડાસામાં ૮૦ પરપ્રાંતીયો પરિવારોની વતન હિજરત

મોડાસા, તા. ૮

સાબરકાંઠામાં બાળકી ઉપર બનેલી દુસ્કર્મની ઘટના બાદ સમગ્ર રાજ્યમાં વિરોધના સુર ઉઠ્યાં છે. ત્યારે તેના પડઘા અરવલ્લી જિલ્લામાં પણ પડયા છે. જિલ્લાના મુખ્ય મથક મોડાસા ખાતે પાણી પુરીના વ્યવસાય સાથે સંકળાયેલા ૮૦ થી વધુ પરપ્રાંતીય લોકો ડરના માર્યા હિજરત કરી માદરે વતન રવાના થઈ ગયા છે. ત્યારે પોલીસ દ્વારા બાકી રહેલા પરપ્રાંતીયોને સુરક્ષા પુરી પાડી સલામતીનો વિશ્વાસ અપાય તેવું આ લોકો ઈચ્છી રહયા છે. જીલ્લા પોલીસતંત્રની બાંહેધરી છતાં પરપ્રાંતીયોમાં પેદા થયેલા ડરના લીધે પારેવાની જેમ ફફડાટ અનુભવી રહ્યા છે.

સાબરકાંઠાના ઢૂંઢરમાં બાળકી ઉપર દૂષ્કર્મની ઘટનાને લઈ સમગ્ર રાજ્યના લોકોમાં રોષ વ્યાપ્યો છે. આ ઘટના



બાદ રાજ્યમાં વસતા પરપ્રાંતીયો ઉપર વિરોધના સુર ઉઠ્યાં છે. આ વિરોધના સુર અરવલ્લી જિલ્લામાં પણ જોવા મળ્યા છે. જેના કારણે જિલ્લાના મુખ્ય મથક મોડાસા ખાતે વર્ષોથી પાણી પુરીના વ્યવસાય સાથે સંકળાયેલા પરપ્રાંતીય પરિવારો હિજરત કરવા મજબુર બન્યા છે. મોડાસા ખાતે કુંભારવાડા નજીક આવેલી એક સોસાયટીમાં રહેતા ૮૦થી વધુ લોકો ડરના માર્યે પોતાના માદરે વતન હિજરત કરી ચુક્યા છે. જેના કારણે આ સોસાયટીના મોટા ભાગના મકાનોમાં તાળા વાગી ગયા છે. માત્ર ગણતરીના બે થી ત્રણ મકાનો ખુલ્લા રહયા છે. જેમાં હાલ વસવાટ કરી રહેલા પરપ્રાંતીય પરિવારો ભયના ઓથાર નીચે જીવન જીવી રહયા છે. દુસ્કર્મની ઘટના બન્યા બાદથી આ લોકોના ધંધા રોજગાર બંધ થઈ જવાથી આ લોકોની આર્થિક સ્થિતિ પણ કફોડી બની છે. ત્યારે પોલીસ દ્વારા બાકી બચેલા આ પરિવારોને સુરક્ષા અપાય અને તેઓના ધંધા રોજગાર પૂનઃ ચાલુ કરવાય તેવું લોકો ઈચ્છી રહયા છે.

# મોડાસા નગરમાં માં-અંબાનો નવરાત્રિ તહેવાર ભવ્ય રીતે ઉજવાશે

મોડાસા, ૦૭



અરવલ્લી જિલ્લાના મોડાસા નગરમાં માં-અંબાનો નવરાત્રી તહેવાર ભવ્ય રીતે ઝાકમઝોળ વાતાવરણમાં ઉજવાશે. લોકો આ પર્વની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. મોડાસામાં માલપુર રોડ પર આવેલ હનુમાન ચોકમાં સોસાયટી નગર દ્વારા આગામી નવરાત્રી તહેવાર જોરદાર ઉજવવા માટે તૈયારીઓ થઈ ગયેલ છે. આ વર્ષ સોસાયટી નગર વિકાસ મિત્ર મંડળના પ્રમુખપદે ઉત્સાહી યુવાન ભાવિન ભાવસાર, ઉપપ્રમુખ પદે સૌરભ તિવેદી, ધ્રુમિલ ભાવસાર, પ્રવીણ પ્રજાપતિ અને કૌશિક ભાવસાર, સ્ટેજ કમિટી સંજય ભાવસાર, કોન્ટ્રાકટર મેહુલ ભાવસાર, અતુલ જોશી, હિતેન્દ્ર જોષી, લલિત દરજી, નાણા કમિટી કેતન ત્રિવેદી કોર્પોરેટર મોડાસા નગરપાલિકા, સંજય આર ભાવસાર, મિતુલ શુક્લા, તારક પટેલ, કેપિટલ બુક ડીપો તેઓની વરણીને સમગ્ર સોસાયટી નગરના લોકોએ આવકારી અભિનંદન પાઠવ્યા છે.

# ધનસુરામાં નવરાત્રી પર્વની તડામાર તૈયારી

ધનસુરા, તા. ૮

ધનસુરા નગરમાં નવરાત્રી પર્વની ઉજવણી માટે તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. ધનસુરા નગરની વિવિધ સંસ્થાઓ દ્વારા માતાજીની માંડવડીઓ વિશાળ મંડપો લાઈટ ડેકોરેશનથી શણગારવામાં આવ્યા છે.

ધનસુરા નગરમાં પરબડીચોક, ચાર રસ્તા, કચ્છ કડવા પાટીદાર વાડી, શ્રીજી સોસાયટી, જનતાનગર, ઠાકોરવાસમાં નવરાત્રી પર્વની ઉજવણી માટે તડામાર તૈયારીઓ આયોજકો દ્વારા કરવામાં આવી રહી છે. પોલીસ સ્ટેશન દ્વારા નવરાત્રીના નવ દિવસ રાત્રી દરમ્યાન ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવે છે.

# મેઘરજ તાલુકાના ચિંથરીયા મહાદેવ ખાતે નવરાત્રિ મહોત્સવની તાડમાર તૈયારી

મેઘરજ, તા. ૮

અરવલ્લી જીલ્લાના મેઘરજ તાલુકાના ટ્રાયબલ વિસ્તારમાં ચિંથરીયા મહાદેવ નવરાત્રિ મહોત્સવની તડામાર તૈયાર કરવામાં આવી રહી છે. સમગ્ર તાલુકાના ખેલૈયાઓ ચિંથરીયા મહાદેવ નવરાત્રિની રાહ જોઈ રહ્યા છે. ત્યારે નવરાત્રિ મહોત્સવ મંડળે પણ કોઈ કચાશ રાખવામાં નથી આવે એવી વાત પ્રમુખ દિગ્વિજયભાઈ દ્વારા જણાવવામાં આવ્યુ છે.

વધુમાં ચિંથરીયા મહાદેવ નવરાત્રિ મહોત્સવ ટીમ દ્વારા વિવિધ સમીતીની રચના કરવામાં છે. તેમાં પણ કન્વીનરોની નીમણૂંક કરવામાં આવી છે. કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે ચુસ્ત પોલીસ બંદોબસ્તની માગણી કરવામાં આવી છે અને ૪ ગામો રાજગોળ, નવાધરા, ઘરડા, પંચાલ આગેવાનો, યુવાનોની ટીમ ગોઠવવામાં આવનાર છે. સમગ્ર મહોત્સવનું મોનીટરીંગ ચિંથરીયા મહાદેવ મંદિર મંડળના પ્રમુખ, મંત્રી, ધનજીભાઈ ભોઈ, ધુળજી માણતા, વાલજીભાઈ ગામેતી વગેરે મહાઅનુભાવોના માર્ગદર્શન હેઠળ મહોત્સવ દર વર્ષે કરતાં ચડિયાતો થશે તેવુ જણાવવામાં આવ્યું છે.



ચિંથરીયા મહાદેવ નવરાત્રિ મહોત્સવમાં ગામેગામથી ખેલૈયાઓ આવી છે અને સમગ્ર તાલુકાની પ્રથમ નંબરની નવરાત્રી ગણાય છે.

# ગાયત્રી સંસ્કાર ધામ મોડાસા ખાતે નવરાત્રિમાં વિશેષ સાધના

મોડાસા, તા. ૮

અશ્વિન નવરાત્રી આવતીકાલથી શરૂ થાય છે. આ નવરાત્રી ઉત્સવની સાથે ઉપાસનાનું પર્વ પણ અતિમહત્વનું છે. સમયની સાથે ઉપાસના ભુલાતી જાય છે ત્યારે અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર, મોડાસા દ્વારા અશ્વિન નવરાત્રિને ઉપાસના પર્વ તરીકે ઉજવવા જાહેર જનતાને આવાહન કર્યું છે. ગાયત્રી પરિવારના અગ્રણી હરેશ કંસારા જણાવ્યું હતું કે આ વર્ષ મોડાસા માટે મહત્વનું છે. આ વર્ષે નવેમ્બર માસમાં ગાયત્રી ચેતના કેન્દ્ર ખાતે મા યુગ શક્તિ ગાયત્રી મોડાસા નગરીમાં પધારી રહ્યા છે ત્યારે યુગ શક્તિ મા ગાયત્રીના આગમન માટે આ નવરાત્રીમાં પ્રત્યેકના ગરિમાની આરાધના કરે તો આધ્યાત્મિક શક્તિનું વિશેષ અવતરણ થશે તથા શહેરના વિકાસમાં સહભાગી બનશે.

શ્રી કંસારાએ જણાવ્યું હતું તા.૭ ઓક્ટોબર રવિવારના રોજ ગાયત્રી પરિવારની વિશેષ ચિંતન-મંથન બેઠક સંસ્કારધામ, માલપુર રોડ ખાતે મળી હતી જેમાં ગાયત્રી ચેતના કેન્દ્રની પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ અગાઉ ગાયત્રી પરિવારના પરિજનો નગરની વિવિધ સોસાયટીઓમાં મંત્ર લેખન અભિયાન, સાપ્તાહિક દિપયજ્ઞના આયોજન કરશે આગામી માસ દરમિયાન સવાસો કરોડ ગાયત્રી મંત્ર અનુષ્ઠાન તેમજ નવરાત્રી દરમિયાન મોટી સંખ્યામાં મોડાસા તેમજ આસપાસના ગામોમાં ગાયત્રી અનુષ્ઠાન સાધના તેમજ ગાયત્રી સંસ્કાર ધામ, મોડાસા ખાતે બપોરે ૩:૩૦ થી ૫:૦૦ કલાક દરમિયાન સામુહિક વિશેષ ગાયત્રી ચાલીસા પાઠ કરવામાં આવશે.





# ઢુંઢર દુષ્કર્મ કેસ મામલે પ્રતિકારત્મક વિરોધ યથાવત

સાબરકાંઠાના ઢુંઢર ગામે ૧૪ મહિનાની બાળકી પર પરપ્રાંતીય નરાધમે આચરેલ દુષ્કર્મના પડઘા સમગ્ર ગુજરાતમાં રોષ સ્વરૂપે, બંધ એલાન અને કેન્ડલ માર્ચ સહીત પરપ્રાંતીયો પર હુમલાઓ રૂપી પ્રતિકારત્મક વિરોધ યથાવત રહેતા રાજ્યસરકાર ફફડી ઉઠી છે. અરવલ્લી જીલ્લાના ધનસુરા શહેરમાં ઠાકોર સેનાએ અને વેપારી મંડળ દ્વારા દુષ્કર્મના આરોપીને ફાંસીની સજાની માંગ સાથે સજ્જડ બંધ રાખી વિરોધ નોંધાવ્યો હતો. બંધના પગલે ખાનગી પેસેન્જર વાહનો પણ પરિવહન બંધ રાખ્યું હતું. ધનસુરા બંધના એલાનના પગલે જીલ્લા પોલીસતંત્ર દ્વારા કોઈ અનિચ્છનીય ઘટનાના ન બને તે માટે સાવચેતીના ભાગરૂપે ધનસુરાના બજારોમાં અને રહેણાંક વિસ્તારોમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો.